# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૮૨૫૧

**સલામી સવારની..**

પંચ કર્યા કરે તપાસ, પાપ યાદ રે'તુ નથી!
ગુન્હેગારો પ્હોંચેલ માયા, કોઇ દાદ દે'તું નથી!
સાદ દે'તું નથી તંત્ર રાખે છે આંખની શરમ -
ન્યાયની નથી આશા, નારાયણ ધ્યાને લે'તું નથી!
(ત્રિવેદીપંચ છો ને માથું કૂટે!!)

**હાઇકુ**

પક્ષોમાં પણ,
હવે ઉજવાય છે -
'પ્રવેશોત્સવ'
(ભાંગ-તોડ ભરતી મેળો)

થાય ન યોગ,
જામતું ન આસન -
રાજકારણે..
(બાબા ની ગડમથલ)

## ચિંતન

**શ્રુતેન બુદ્ધિર્વ્યસનેન મૂર્ખતા, મદેન નારી સલિલેન નિમ્નગા ।**
**નિશા શશાંકેન ધ્રુતિઃ સમાધિના નયેન ચાલંક્રિયતે નરેન્દ્રતા**

'શાસ્ત્રજ્ઞાન, પાંડિત્ય, અથવા વિદ્વતાથી બુદ્ધિ શોભે છે, વ્યસનો અને અનેક પ્રકારના દુષણોથી મૂર્ખતા શોભે છે, યૌવનના મદથી નારી શોભે છે, ચંદ્રથી રાત્રિ શોભે છે, સંતોષ અને સમાધાનતાથી ધૈર્ય શોભે છે, ન્યાય-વિવેકથી રાજા અને રાજ્ય શોભે છે.'

માણસ બુદ્ધિમાન હોવાનું પ્રતિપાદિત ત્યારે જ થાય જયારે પ્રસંગોપાત શાસ્ત્રમતથી પોતાની વાતનું સમર્થન કરી શકે.

મૂરખ માથે શીંગડા હોતાં નથી કે જેથી કરીને તે બીજાથી અલગ પડી તરત ઓળખાઇ જાય, પરંતુ આવા મૂરખ લોકો વ્યસની હોય છે દારૂ-બીડી-તેમની ઓળખ છે, એમનાં આચાર-વિચાર અને બોલવાની રીતથી એમની મૂર્ખતાની જાહેરાત આપોઆપ થઇ જાય છે.

સ્ત્રી લજ્જાશીલ, નમ્ર, વિવેકી અને દેખાવે સરળ-સાદગી પૂર્ણ હોય પણ ચંચળ સ્ત્રી તેનાં નખરાં-હાવભાવ અને છલકતાં માદક યૌવનથી પરખાઇ જાય છે.

પૂનમનો ચંદ્ર દિવસે તો ફિક્કો જ દેખાય એની સાચી ઓળખ, મહત્ત્વ 'રાત્રિ'માં જ થાય છે.

રાજા તુમાખી-ઉધ્ધત હોય ત્યારે પોતે અને રાજ્ય શોભતું નથી. નમ્ર-વિવેકી રાજાથી રાજ્ય શોભે છે.

## સુવિચાર

- જીવન વ્યવહારમાં સર્વની સાથે તેમને છાજતો વ્યવહાર સાચવવાની સતત ચિંતા કર્યા કરવા કરતાં પોતાની જાત સાથે પ્રામાણિક વ્યવહાર કરવો એ ઉત્તમ તો છે જ પરંતુ મુશ્કેલ પણ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પુરૂષો માત્ર કડક નિયમો કરે છે, જયારે એ નિયમો વચ્ચે વ્યવહાર સાચવે છે - **ડી.સીંગર**
- જે માટીમાંથી પણ સોનું બનાવી શકે તે વ્યવહાર કુશળ - **ડિઝરાયેલી**
- વ્યવહાર તો અરીસો છે તે તમારા જ વ્યવહારોનું પ્રતિબિંબ-પ્રત્યાઘાત આપે છે- **ગેટે**
- પોતાનાં વ્યવહાર સાચો રાખો, બદનામી, નામોશીની પરવા ન કરો, ગંદકી માટીની ભીંતે જ ચોંટે છે, ચકચકતી આરસની તકતી પર નહીં - **ફ્રેંકલીન**
- આપણે ગમતો વ્યવહાર આપણી સાથે બીજા કરે એવી અપેક્ષા હોય તો પહેલાં તમે પણ બીજાંની સાથે એવો જ વ્યવહાર રાખો - **કન્ફ્યુશિયસ**

## બોધ કથા

ગાંધીજી સ્પષ્ટવક્તા તો હતા જ સાથે રમૂજવૃત્તિ પણ ઉચ્ચ કક્ષાની ધરાવતા હતા

એકવાર એમની સામે દસ-પંદર મુલાકાતીઓ બેઠા હતા. સત્યાગ્રહ વિશે શંકા અને પ્રશ્નોત્તરી થતી હતી.

એમાં સૌરાષ્ટ્રના પાઘડીવાળા એક ધનિક શેઠ બેઠા હતા. એણે ગાંધીજીને પૂછ્યું. બાપુ દેશ આખો સત્યાગ્રહીને કારણે ગાંધી ટોપી પહેરતો થઇ ગયો છે, પણ તમે પોતે જ ગાંધીટોપી કેમ નથી પહેરતા?

બધાને આ પ્રશ્નમાં રસ પડ્યો અને ગાંધીજીનો જવાબ સાંભળવા આતુર હતા. બધાની નજર બાપુ તરફ હતી પણ બાપુની નજર ધનિક શેઠની સફેદ પાઘડી તરફ હતી, અને સ્મતિ સાથે બાપુએ કહ્યું, શેઠ, તમારી પાઘડી ખૂબ સરસ, ભરાવદાર છે. તમારી પાઘડીમાંથી જો ગાંધીટોપી બનાવીએ તો અંદાજે કેટલી ટોપી થાય?

શેઠ કહે, લગભગ વીસેક જેટલી ટોપી તો થાય જ. ગાંધીજી કહે, જુઓ આપણા આ ગરીબ દેશમાં વીસ જણા જે ટોપી પહેરી શકે તે એકલા જ એ કાપડ વાપરો છો, પછી મારે ભાગે ગાંધી ટોપી કયાંથી આવે?!

ગાંધીજીનો રમૂજ ભર્યો, તર્કબધ્ધ જવાબ સાંભળી શેઠે ત્યાં જ 'હવેથી ગાંધી ટોપી પહેરીશ' નું પણ લીધું.

# દિપાવલીનું પરમ પર્વ એટલે ઉજાસ, ઓજસ અને ઔદાર્યનો ત્રિવેણી સંગમ!

## દીપાવલી - દિવાળી

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

દીપાવલિ એટલે દીપના પ્રાગટ્ય ઉત્સવનું, જ્યોતિનો કળશ લઈ ઝળહળતો પ્રકાશ રેલાવતું, અમાસનો ઘોર અંધકારમાંથી પૂનમના પૂર્ણ ધવલ પ્રકાશ તરફ પ્રયાણ કરવાની પ્રેરણા આપનારૂં; જીવનમાં નવો જોમ - જુસ્સો પ્રસરાવનાર અને માનવીની સમગ્ર અસ્તિત્વને આનંદવિભોર કરનારૂં એક અનોખું અને પુનિત પર્વ!

દીપાવલિનું પરમ પર્વ એટલે ઉજાસ, ઓજસ અને ઔદાર્યનો ત્રિવેણી સંગમ! આપણી ભીંતરમાં અભરે ભરેલ અજ્ઞાનરૂપી મહાઅંધકારને ખોબલે ખોબલે ઉચેચીને જ્ઞાનરૂપી ઉજાસ પાથરી, થનગનાટનો ઓજસ ભરીને, જીવનને ઉન્નત - ઉજળા કરવાનું એક મહાપરમ પર્વ! એક તદ્દન નવી સોનેરી, સવાર, મહેંકતું નવલું પ્રભાત અને નવતર પ્રકાશના કિરણોના મહાપુંજ તરફ ગતિમાન કરાવતું અભિનવ પર્વ. ''ગમે તેવી'' ગઈ ગુજરી - ગઈકાલ ને - ભૂતકાળને ભૂલીને, નવી આવનાર ''આવનાર કાલ'' માટે ''આજ'' ને ઉજ્જવળ બનાવવાનું આહ્‌વાન અને પડકાર!

સર્વે - આબાલ-વૃધ્ધ નરનારીઓએ અમાસના ઘોર અભરે ભર્યા અંધકારમાંથી પૂનમના પૂર્ણ ધવલ પ્રકાશ તરફ ગતિ - પ્રયાણ કરવાનો ઉમદા ગતિવિધી અપનાવીએ, દીપાવલિના પુનિત પર્વને હર્ષોલ્લાસથી આવકારવા પોતાની શક્તિ અનુસારની તડામાર તૈયારીઓ આરંભી દીધી હશે! મઘમઘતી મીઠાઈઓ અને અવનવા સાજ શણગારની અને મોજશોખની વસ્તુઓની ખરીદીની યુધ્ધના ધોરણે - તડામાર તૈયારીઓ ચાલતી હશે! ગત સમય કરતાં, આવનાર સમય વધારે સુખમય - ઉજ્જવલ નીવડે, સંસારનાં અતિ કપરાં ચડાણ હેમખેમ પાર ઉતરે અને આ અસાર સંસાર પૂર્ણતયા સારમય - અમૃતમય બને અને જીવ્યુ જીવતર લેખે લાગે તે માટે, અનવવા સંકલ્પો - વિકલ્પોસહ જીવતરની સાર્થકતાની કેડી પર પદાર્પણ કરવાના આંતરમન સુબા પણ સેવ્યા હશે! વર્ષભરનાં સોનેરી સમણાં સજાવીને, તેને નવલાં વર્ષથી નવપલ્લવિત કરી; મુર્તિમંત કરવાના ઉછળતા કોડ હૈયે ભરીને, તે તરફની અડગ કૂચના શ્રીગણેશ પણ માંડ્યા હશે!

આ બધું ત્યારે જ સાર્થક થાય, કે જયારે આપણે ''અહમ્'' ને ઓગાળીને ''હું'' ને અળગો કરીએ. કોઈને કયાંક ઉપયોગી ન થઈ શકીએ તો કંઈ નહીં, પરંતુ કોઈને કયાંક અડચણરૂપ - બાધારૂપ ન બનીએ. કોઈના જીવનના પવિત્ર યજ્ઞમાં સહકારનાં સુગંધિત સમિધ ન હોમી શકીએ તો કંઈ નહીં; પરંતુ કોઈના હવનમાં હાડકાં ન નાખીએ! કોઈને સદ્‌માર્ગે ન દોરી શકીએ તો ચાલશે, પરંતુ કોઈને અવળા રસ્તે વાળી, તેનું જીવતર ઝેર ન કરીએ! પોતાની નામના - સ્વાર્થ ખાતર અન્યને હીણાં ન ચીતરીએ! સેવાધારીનો સ્વાંગ સજીને, કૂડા કાવાદાવા ખેલી, અન્યને પછડાટ આપ્યાનો મિથ્યા ગર્વ ન અનુભવીએ કારણ કે, આ ગર્વ જ માનવનો સર્વનાશ નોંતરે છે! આભની ઊંચાઈએથી કરાલ ગર્તામાં ફેંકે છે!

દીપોત્સવીનાં પ્રજ્વવલિત દીપમાંથી ફેંકે છે! તેજોમય કોમલ કિરણો સર્વે નગરવાસીઓનાં જીવનપથને ઝળહળતાં પ્રકાશથી અજવાળે અને નવલાં વર્ષનાં રમ્ય વધામણાં દઈ, સર્વેના દિલ મંદિરમાં ઉમંગ, ઉત્સાહ અને આનંદનો અવિરત તેજપૂંજ પાથરે અને નૂતનવર્ષના નવલા પ્રભાતથી શરૂ થતું વર્ષ સર્વેના જીવનમાં સુખ, સમૃધ્ધિ અને શાંતિની અખૂટ સંપદા રેલાવી, આવતીકાલનાં સોનેરી સોણલાં સાકાર કરે તેવી દૈદીપ્યમાન શુભ દીપાવલી અને નવપલ્લવિત નૂતનવર્ષની દધિ છલકતી શુભકામનાઓ...

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

## સમાચાર સેતુ

● ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ દર માસના બીજા રવિવારે અચૂક મળતી આગામી માસિક સભા તા. ૧૧-૧૧-૨૦૧૨ ના રોજ સાંજના ચાર વાગે, નમન ઍપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેકટર-૨૧ ખાતે મળશે. જેમાં સાંપ્રત સમાજના બનાવોને સંબંધિત, સ્વલિખિત ''લઘુકથાઓ'' રજૂ કરવાની રહેશે, જે એક પૅજ કે તેથી ઓછી હોવી જોઈએ.

● રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, ન્યુ દિલ્હી દ્વારા નહેરૂ જન્મદિન. ''બાલદિન'' નિમિત્તે ૨૦૧૦નો પ્રથમ બાલસાહિત્ય પુરસ્કાર ગુજરાતી બાલસાહિત્ય અકાદમીના સ્થાપક અને બાલસાહિત્યકાર શ્રી યશવંત મહેતાને આપવામાં આવ્યો હતો અને ૨૦૧૧ નો પુરસ્કાર કવિશ્રી રમેશ પારેખને મરણોત્તર આપવામાં આવ્યો હતો. જયારે જાણીતા કવિ, લેખક અને બાલસાહિત્યમાં મૌલિક પ્રદાન કરનાર શ્રી યોસેફ મેકવાનને ''આવ હયા, વારતા કહું...'' માટે ઈ.સ. ૨૦૧૨ નો બાલસાહિત્ય પુરસ્કાર આપવાનું જાહેરકર્યું છે જે પુરસ્કાર પ્રદાન સમારંભ નવેમ્બર - ૨૦૧૨માં યોજાશે.

● હિંમતનગર ખાતે તા. ૨૫-૮-૨૦૧૨ના રોજ સ્વામી વિવેકાનંદ સાર્ધસતી સમરોહ ને ''સાબરરત્ન'' એવોર્ડ કાર્યક્રમ યોજાયો. જાણીતી સંસ્થા ''શ્રીકૃષ્ણ પ્રેમ સંસ્થાન'' અને ''નિમ્બાર્ક શોધ સંસ્થાન'' ના ઉપક્રમે ''સ્વામી વિવેકાનંદ વર્તમાન પરિપેક્ષ્યમાં'' વિષય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નવી દિલ્હી વરિષ્ઠ પત્રકાર વિનોદ બબ્બર, ગાંધીનગરના શ્રી રાઘવજી માધડ અને કલ્પેશ પટેલ તથા ડૉ. મનુબેન પટેલે ભાગ લીધો હતો.

● કવિ કલાપીની ૧૧૨મી પુણ્યતિથિ નિમિત્તે કવિભૂમિ લાઠી, જી. અમરેલીમાં આરાધના ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ''યાદી ભરી ત્યાં આપની'' શીર્ષક હેઠળ કાવ્યાંજલિ રૂપે કવિ સંમેલન રાખવામાં આવ્યું હતું. જેમાં હર્ષદ ચંદારાણા, હરજીવન દાફડા, મહેન્દ્ર જોશી, ઉર્વીશ વસાવડા અને ગાંધીનગરના શ્રી ભરત કવિ અને શ્રી પ્રવિણ ગઢવીએ ભાગ લીધો હતો.

- (''શબ્દસૃષ્ટિ'' ના સૌજન્યથી)

## લઘુકથા સેતુ : પીડા

- જયંતિ મકવાણા

**'ભાઈ, મેં તો સ્વપ્નમાંય કોઈને દુઃખ દીધું નથી. કેટલીયે વિધવાનાં જિંદગીભર આંસુ લૂછ્યાં. કેટલીયે સ્ત્રીઓનાં દુઃખમાં ભાગીદાર થઈને તેમનાં દુઃખે દુઃખી થયો, આ બધું જ દેવી જેવી મારી પત્ની જાણતી હતી, પણ...'**

રમણલાલ પથારીમાં પડ્યા હતા. તેમના પગે અસહ્ય પીડા થતાં તે કણસતાં લવારો કરતા હતા. તેમનાં પત્ની સ્વર્ગે સિધાવ્યા બાદ તેમની સેવાચાકરી કરનાર કોઈ ન હતું.

રમણલાલના કણસવાથી તેમના રસોયા અને ચાકરી કરતા છોટુનાં હૃદય ભરાઈ આવતાં.

ગામમાંથી સાત-આઠ માણસો રમણલાલની ખબર અંતર પૂછવા આવતાં રમણલાલ રડી પડ્યા અને આંસુ સારતાં કહેતા લાગ્યા.

'ભાઈ, હવે તો આ પગ પણ કપાવવો પડશે. પીડા સહન નથી થતી.'

ખબર પૂછવા આવનાર સાંત્વન આપતાં બોલ્યા,

'રમણલાલ, ભગવાનની પાસે કોઈનુંય નથી ચાલતું, અમે પણ સમજીએ છીએ કે દેહની પીડા દેહમાં જ સારી.'

'ભાઈ, મેં તો સ્વપ્નમાંય કોઈને દુઃખ દીધું નથી. કેટલીયે વિધવાનાં જિંદગીભર આંસુ લૂછ્યાં. કેટલીયે સ્ત્રીઓનાં દુઃખમાં ભાગીદાર થઈને તેમનાં દુઃખે દુઃખી થયો. આ બધું જ દેવી જેવી મારી પત્ની જાણતી હતી, પણ...'

એ જ સમયે પવન ફૂંકાયો ને દીવાલ પર લટકતો પત્નીનો ફોટો નીચે પડ્યો ને કાચના ચૂરેચરા થઈ ગયા.

## કાવ્ય સેતુ : નહીં એક મળશે : (ગઝલ)

- ડો. પ્રદિપ આઝાદ

જિન્દગીમાં આમ તો અવસર અનેક મળશે
ચોર ડાકુમાંય અડધા લોકો નેક મળશે
જીતવાને જંગ ખેલ્યા જીંદગી દાવ ઉપર
દાવ છેલ્લો હારવાથી વિજય છેક મળશે
ચોતરફ ફેલાય આતંકનો ભારે વંટોળિયો
ખુદતણા પડછાયા મહીં બધાં વિવેક મળશે
પાપનો સમુદાય સઘળે અતિ વિસ્તરે પાછો
પાવન હૃદયે હથેળીમાં અભિષેક મળશે
હર પળે પળ શબ્દ સરિતે નામ ખોવાય છે
ખૂબ પાડ્યા નામ તો પણ નહીં એક મળશે

# સાચો જ્ઞાની વિચાર - કર્યા વિના કશું પણ બોલતો નથી અને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવામાં ઉતાવળ કરતો નથી

**સંસ્કાર ચિંતન**
- અનંત ન. વ્યાસ

અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ માજસે
ગતાસૂનગતાસૂંશ્ચ નાનુ સોચન્તિ પંડિતાઃ

શ્રીમદ ભગવદ્-ગીતાજીના બીજા અધ્યાયનો આ જાણીતો શ્લોક છે. આ શ્લોકમાંથી જ ગીતાજીનો વાસ્તવિક પ્રારંભ થયો છે તેવું મનાય છે. પ્રથમ અધ્યાય પ્રસ્તાવના રૂપ ગણાય છે. તત્ત્વજ્ઞાનની ચર્ચા આ શ્લોકની પ્રારંભાય છે. તેથી તેનું અધિક મહત્ત્વ છે. જ્ઞાની, પંડિતો જીવતા કે મૃત્યુ - પામેલાઓનો શોક કરતા નથી તેવું સૂચવી ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને સજાગ કરે છે. યુધ્ધમાંથી છટંકવાના તમામ બહાના ખુટી પડતાં અર્જુને ભગવાનનું શરણું 'શિષ્યસ્તેડહમ્' કહી સ્વીકારી લીધું છે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુને ઉચ્ચારેલ જ્ઞાનની વાતનો ઉપહાસ કરતા હોય તેમ આ વાક્ય કહે છે. આ પહેલાં પણ ભગવાને અર્જુનને સારો એવો ઠપકો આપ્યો છે. 'તું સાવ નપુંસક ન થા. તારા વંશનું ગૌરવ તથા તારી શક્તિનો વિચાર કર. આમ સાવ પાણીમાં બેસી જવું તને શોભતું નથી.' એમ કરી તેને યુધ્ધ માટે તૈયાર થવા પ્રોત્સાહિત કર્યો છે.

આમ છતાં અર્જુન પુરેપુરો તૈયાર થતો નથી. હજી તેના ચિત્તમાં દ્વિધા છે. ભગવાન તેની આ વૃત્તિમાં પરિવર્તન લાવવા ઇચ્છે છે. તેને પુરૂષાર્થ તરફ પ્રેરવો છે. તેથી 'જેનો શોક કરવા જેવું નથી તેનો તું વ્યર્થ, શોક કરે છે. એમ કહી, તીવ્ર તથા સૌમ્ય શબ્દોમાં તેને યોગ્ય ઉપદેશ આપતા કહે છે.' અર્જુન, તું પ્રજ્ઞાવાદી છો. તું વાત તો જ્ઞાની પંડિતો જેવી કરે છે. પણ ખરેખર તો તું થોડો કાચો છે. તું પોતાને જ્ઞાની માની શાસ્ત્રોના વચનો ટાંકે છે પણ તેમાં તારી સમજણ અધુરી છે. તમે જાણે પૂરૂં જ્ઞાન થયું હોય તેવી ભાષા બોલે છે. પણ તારી આ સમજ માત્ર ઉપલક છે. તું પોથી પંડિત છો. જ્ઞાન તારા અંતરમાં ઊતર્યું નથી. કારણ કે જ્ઞાની પુરૂષો તો યોગ્ય વિચારણા સિવાય કયારેય પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં નથી. તું જે શોક કરે છે તે તારૂં અજ્ઞાન દર્શાવે છે.

ભગવાનના વાક્યની સત્યતા સમયના વહેવા સાથે જરા પણ સમાપ્ત થઇ નથી પણ વધારે સ્પષ્ટ બની છે. આજના દંભી સમાજમાં આવી પ્રજ્ઞાવાદી - વ્યક્તિઓ વધતી જાય છે. પ્રજ્ઞાવાદ - શબ્દ પર નોંધ કરતાં શ્રી માવલંકરજી લખે છે કે, 'પ્રજ્ઞાવાદી' "means who is clever in talking so m much that he can impress the people. In reakaty they have no experience and they cannoet put their words in practice" પંડિત જેવા શબ્દો બોલવા તે એક વાત છે ને સમયસર શુધ્ધ જ્ઞાની જેવું આચરણ કરવું તે અલગ વાત છે. વિદુર નીતિમાં વિદુરે પંડિતોના લક્ષણો કહ્યાં છે. પંડિતો ભૂતકાળમાં ભમતા નથી કે ભવિષ્યના શમણામાં આળોટતા નથી. જ્ઞાનીઓને મન જીવન અને મરમ વચ્ચે કોઇ ભેદ નથી. શંકચારાર્યજી તો કહે છે કે, 'મરણં પ્રકૃતિ જીવનમ્ વિકૃતિ.'

આજે સમાજમાં તર્કના વિતંડાવાદ કરતી અનેક એવી વ્યક્તિઓ મળશે જે પોતાની જાતને દરેક વિષયમાં નિષ્ણાંત માનતી હોય. તેઓ વારંવાર વગર - વિચાર્યે કોઇ પણ વિષય - પરત્વે પોતાના અભિપ્રાયો રજૂ કરતા રહે છે. સાચો જ્ઞાની વિચાર - કર્યા વિના કશું પણ બોલતો નથી અને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવામાં ઉતાવળ કરતો નથી. કહેવત છે કે 'ખાલી ચણો - વાગે ઘણો, અધૂરો ઘડો જ છંલકાય' સહદેવ તો અતિ જ્ઞાનથી પીડા તો હતો. પણ આપણાં આ અતિજ્ઞાની તો અન્યને પીડા આપે છે ને પોતે પીડામુક્ત આનંદ અનુભવે છે. માહિતીનો પોતા પાસે સદંતર અભાવ હોવા છતાં ફટાકડાની જેમ તેઓના મુખે જ્ઞાનની વાતો. જાણકારીના દાવાઓ, તથા ઉછિનાં કથિતવ્યો ફૂટતાં રહે છે.

સમાજમાં પૂર્ણ જ્ઞાની કે પૂર્ણ - અજ્ઞાની સાથે વાતો કરી શકાય. પણ અર્ધ જ્ઞાનીને જવાબ દેવા અઘરી વાત છે. નરસિંહ મહેતાએ, 'અધકચરાને શો ઉત્તર દઉં,' તેમજ જણાવ્યું છે ને, કેટલાકને પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરવામાં રસ હોય છે. વાત વાતમાં મહાન પુરૂષોના વચનો ટાંકવા, શાયરીઓ બોલવી, કે મહાન ગ્રંથોનાં નામો લેવાની ટેવ હોય છે. આમાં ઘણી વખત અજ્ઞાનનું પ્રદર્શન થઇ જાય તો પણ તેઓ સમજી શકતા નથી. ઇતિહાસ કે ધર્મગ્રંથોના ગહન અભ્યાસ વિના તેના એકાદ પાસા પર વગર સમજ્યે કડવી ટીકા કરનારા મળી આવે છે. જેમ કે, 'સીતાજીની અગ્નિ-પરીક્ષા પર' કે તુલસીદાસના 'તાડન કે અધિકારી' જેવા શબ્દો પર વારંવાર આક્ષેપો થાય છે. વાત - વાતમાં આવું બોલનાર માટે દલપતરામ લખે છે, "બોલે મોટા મોટા બોલ - પણ તેમાં પૈસાભાર ન તોલ" વજૂદ વિનાના બોલની કિંમત હોતી નથી.

પાંડિત્યનો દંભ કરનાર પણ શબ્દાડંબરમાં જ રાચતાં હોય છે. જેને તત્ત્વજ્ઞાન પચી ગયું હોય તેની ભાપ્ત તદ્દન સરળ અને સાદી હોય. ગાંધીજીનું ગદ્ય જુઓ. તદ્દન સાદા શબ્દોને ટૂંકા - વાક્યો. જે કહેવાય તે સચોટ સમજાઇ જાય, ત્યારે ઘણાં સર્જકો સરળ વાતોને કઠિન રીતે રજૂ કરતા હોય છે. વિષય પરત્વેની ઊંડાણ-પૂર્વકની સમજણ વિના ઉચ્ચારાયેલા શબ્દો ભરોસાપાત્ર હોતા નથી. પ્રશ્નનું હાર્દ - સમજ્યા વિના તાત્કાલિક પ્રતિભાવ આપવાં તે જ્ઞાની માણસનું લક્ષણ નથી. ભગવાને અહીં અર્જુનને કોના માટે શોક કરવો અને કઇ બાબત શોક કરવા જેવી નથી તે સમજાવવા પ્રયત્ન કર્યો છે. મૃત્યુનું રહસ્ય પણ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ચાલો સમજીએ દીપોત્સવની મંગલ ભાવના...

**લાગણીનો મેળો**
- રસિક વાળંદ 'નિર્ઝર'

તમ કલેષ મિટાવી સઘળાં માનવી બનીએ આવેને,
ગમતાંનો ગુલાલ કરીને, ઉજ્જવળ થઇને આવોને.
વર્ષ નવું ઉમંગભર્યું ને હર્યું ભર્યું થઇ જાય વળી,
સ્નેહ-દીપ પ્રગટાવી સૌ અજવાળાં કરીએ આવોને!

ગુરૂ બજુવા શિષ્યોને કહેતા, "જો તમને આંખ બંધ કરવાની કલા આવડી જાય તો એ બંધ આંખ જ તમારા માટે દિવાળી બની રહેશે ને આંખ ઉઘાડવાની કલા આવડી જાય તો તે ઉઘાડી આંખ તમારા માટે નવું વર્ષ જ બની રહેશે."

આનંદ - ઉલ્લાસનો પર્યાય બની આવતાં પર્વો આપણને જીવનબોધ આપી જાય છે. 'તમસો મા જ્યોતિર્ગમય ।' મંત્રની સાધના કરતાં કરતાં જીવનપંથ પ્રકાશિત કરવાનું સ્મરણ કરાવતું પર્વ એટલે દીપોત્સવ...

પ્રસન્નતા અને પ્રકાશનું આ પર્વ ઉત્સવોનું સ્નેહ સંમેલન છે... ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઇબીજ - આ પાંચ પર્વોમાં આપણી સાંસ્કૃતિક વિચારધારાનું દર્શન છુપાયેલું છે.

ભારતીય સંસ્કૃતિ લક્ષ્મીને મા ઘણી તેને પૂજ્ય માને છે. વૈદિક ઋષિએ તો લક્ષ્મીને ઉદ્દેશીને 'શ્રીસૂક્ત્' ગાયું છે. આપણી ભારતીય પ્રણાલિ શ્રીમંતોને ભગવાનના લાકડા દીકરા માને છે, તેઓ ગયા જન્મના યોગભ્રષ્ટ જીવાત્માઓ છે, 'સુચિનાં શ્રીમતં ગેહે યોગભ્રષ્ટોભિજાયતે ।' આપણે લક્ષ્મીને ચંચળ માનીએ છીએ પણ લક્ષ્મીવાન માનવની મનોવૃત્તિ ચંચળ બને છે. વિત્ત એક શક્તિ છે, તેનાથી માનવ દેવ પણ બની શકે અને દાનવ પણ થઈ શકે. લક્ષ્મીને જે ભોગ પ્રાપ્તિનું સાધન માને તે પતનની ગર્તામાં ગબડી પડે. જયારે લક્ષ્મી માતૃવત્ પૂજ્ય કરી તેને પ્રભુની પ્રસાદી ગણનાર પોતે પવિત્ર બને તેમજ સૃષ્ટિને પાવન કરે. એટલે જ કહેવાય કે, વિકૃત માર્ગે વપરાય તે અલક્ષ્મી, સ્વાર્થમાં વપરાત તે વિત્ત, પરાથે વપરાય તે લક્ષ્મી અને પ્રભુ કાર્યાર્થે વપરાય તે મહાલક્ષ્મી.

મહાલક્ષ્મી હાથી પર બેસીને વાજતે ગાજતે આવે છે. હાથી એ ઔદાર્યનું પ્રતિક છે. સાંસ્કૃતિક કાર્યમાં ઉદાર હાથે લક્ષ્મી વેરનારને ત્યાં લક્ષ્મી પેઢીઓની પેઢીઓ સુધી રહે છે. આવો બોધ આપણને ધનતેરસ આપે છે.

ત્યાર બાદ કાળી ચૌદસ કે નરક ચતુર્દશી... આ પર્વને આપણને - પરપીડન માટે વપરાય તે અશક્તિ, સ્વાર્થ માટે વપરાય તે શક્તિ, રક્ષણાર્થે વપરાય તે કાલિ અને પ્રભુ કાર્યાર્થ વપરાય તે મહાકાલી... આવું પ્રબોધન કરી જાય છે. મહર્ષિ વ્યાસે સ્વાર્થ માટે શક્તિ વાપરનાર દૂર્યોધન, બીજાના ચરણે શક્તિ ધરનાર કર્ણ તેમજ પ્રભુ કાર્યમાં શક્તિનું હવન કરનાર અર્જુનનું ચિત્રણ કરી માનવ જાતને જીવન દર્શન કરાવ્યું છે. નરક ચતુર્દશીના પર્વની કથા કંઇક આવી છે, પ્રાગના પર્વની કથા કંઇક આવી છે, પ્રાગ જ્યોતિષપુરનો રાજા નરકાસુર શક્તિથી શેતાન બન્યો હતો. પોતાની શક્તિ પર પીડન માટે વાપરી સૌને રજાંડતો, એની સૌંદર્ય લોલુપ્તાનો ભોગ સ્ત્રીઓ બનતી. તેણે સોળ હજાર કન્યાઓને કેદમાં રાખી હતી. ભગવાન શ્રીકૃષ્ણે તેનો નાશ કરવા વિચાર્યું. સ્ત્રી ઉધ્ધારનું આ કામ હોવાથી સત્યભામાએ નરકાસુરનો નાશ કરવાનું બીડું ઝડપ્યું. ચતુર્દશીના દિવસે નરકાસુરનો નાશ કર્યો. મુક્તિનો આનંદ અનુભવતા સૌ કોઇ એ ઉત્સવ મનાવ્ય. અસુરના ત્રાસમાંથી મુક્ત થયેલા લોકો નવાં વસ્ત્રો પહેરી ફરવા નીકળી પડ્યા... અમાસની અંધારી રાતને દીવડાઓથી પ્રકાશિત કરી સમગ્ર વર્ષનું સરવૈયું કાઢવાનો દિવસ એટલે દિવાળી... વૈશ્યોનો ચોપડા પૂજનનો દિવસ. આ દિવસે પ્રત્યેકે જીવનનું સરવૈયું કાઢવું જોઇએ... રાગ-દ્વૈષ, વેર-ઝેર, ઇર્ષ્યા-મત્સર કે જીવનમાંથી કટુતા દૂર કરી નવા વર્ષના પ્રારંભે પુરાંતમાં પ્રેમ, શ્રધ્ધા અને ઉત્સાહ રહે તેનું ધ્યાન રાખવું જોઇએ.

નૂતનવ વર્ષને બલિપ્રતિપ્રદા પણ કહેવાય છે. તેજસ્વી વૈદિક પરંપરાની ઉપેક્ષા કરી વર્ણાશ્રમને ઉધ્વસ્ત કરનાર બલિનો વામને પરાભવ કર્યો. બલિ દાનશૂર હતો તેના ગુણોનું સ્મરણ નૂતન વર્ષના દિવસે આપણને દુષ્ટજનોમાં રહેલા શુભત્વને જોવાની દૃષ્ટિ આપે છે.


(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૦મી નવેમ્બર**

● પ્રખર વક્તા, સમર્થ પત્રકાર, સ્વાતંત્ર સેનાની, દેશસેવાના ભેખધારી, સુરેન્દ્રનાથ બેરનર્જીની જન્મજયંતિ - ૧૯૪૮.



સ્પિન કોલેજનાં સ્થાપક, 'બંગભંગ' ચળવળના અગ્રણી રાષ્ટ્રવીરનું અવસાન ૧૯૨૫માં થયું.

● ૧૯૨૮ - જાપાનના સમ્રાટ તરીકે હીરોહીટોનો રાજ્યાભિષેક.

● ૧૬૯૭ - બ્રિટીશ ચિત્રકાર વિલિયમ હોગાર્થનો જન્મ.

● ૧૮૭૧ - હિન્દુસ્તાન રિવ્યુ - માસિક અને પટનાની વિખ્યાત સચ્ચિદાનંદ લાઇબ્રેરીના સ્થાપક સચ્ચિદાનંદ સીંઘનો જન્મ.

● ૧૮૮૪ - સૌરાષ્ટ્રની સંસ્કાર સેવા કરનારા મણિશંકર જયશંકર કીકાણીનું અવસાન.

● ૧૯૬૦ - જ્હોન કેનેડી લોકપ્રિય વ્યક્તિત્વ અમેરિકાનાં પ્રમુખ પદે.

● સાહિત્ય સર્જનનો પ્રબળ ધોધ વહેવડાવનાર સિગ્રેડ ઉસેતનો જન્મ - ૧૮૮૨. ધી ગ્રાન્ડ ક્રોસ ઓફ સેંટ ઓલાવનું બિરૂદ મળ્યું. કુ. માર્થા ઔલિ, 'ધી વોઇસ વર્જિન્સ' ગણનાપાત્ર નવલકથાઓ.